

# નિત્ય નવું વર્ષ

દીપોત્સવી આવી !

ઉમંગ, ઉલ્લાસ અને ઉજાસનાં દીપોત્સવી પર્વો દરમિયાન આબાલ-વૃદ્ધ સૌનાં હૈયે એક અનેરો આનંદ અનુભવાય છે. નૂતન વર્ષનાં વધામણાંના ઉત્સાહ સાથે જીવનમાં પણ નૂતન આશા, સ્વપ્નો અને ઉત્સાહ પ્રગટે છે. સામાન્ય માણસોના જીવનમાં દીપોત્સવીનાં આ મંગલ પર્વો દરમિયાન એક અનેરી ઊર્જાનો સંચાર અનુભવાય છે.

દીપોત્સવી પર્વો દરમિયાન અનુભવાતા ઉમંગ, ઉલ્લાસ અને નવોન્મેષ સારુંય વર્ષ અને આખાય જીવન દરમિયાન અનુભવાતા હોય તેવું સામાન્ય માણસોના જીવનમાં જવલ્લે જ જોવા મળે છે. સંજોગ, સ્થિતિ, ઘટના અને સંબંધોમાં આવતાં પરિવર્તનો અનુસાર આપણા જીવનમાં આનંદની ભરતી-ઓટ અનુભવાય છે. સમત્વ નથી રહેતું.

સમત્વની પ્રાપ્તિ અને સાતત્ય માટેની સાધના આદિકાળથી ચાલી આવી છે. મુમુક્ષુઓ, સાધકો અને દૃષ્ટિવંત વિભૂતિઓએ પણ સમત્વની પ્રાપ્તિ અર્થે અનેક માર્ગ બતાવ્યા છે, તેનાં મહિમાગાન કર્યાં છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં યોગેશ્વર શ્રીકૃષ્ણએ તો સમત્વને સર્વોચ્ચ યોગ કહ્યો છે. 'સમત્વં યોગમુચ્યતે!' સમત્વવાળો જીવ બીજી રીતનો થઈ જાય.

દીપોત્સવીના પૂર્વ પક્ષની શુક્લ પૂર્ણિમાએ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીનો પ્રાગટ્યમંગલદિન ! દશાબ્દીઓ પૂર્વે એ જૂનાગઢના જોગીએ પોતાની તળપદી કાઠિયાવાડી બોલીમાં વાતું કરતાં કરતાં જીવને બીજી રીતના થવાની રીત સમજાવી છે. એ વાત તે 'સ્વામીની વાતું'ના પહેલા પ્રકરણની પહેલી વાત. આ વાત તો રોજ વાંચી અખંડ સંભારવા જેવી છે.

સમત્વ યોગ સિદ્ધ કરવા, સમતાભર્યું સહજ જીવન જીવવાનું પહેલું પગલું સમજાવતાં આ વાત ભગવદીના પ્રસંગે પમાતા મહિમાનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે. ભગવાનના ધારક સાધુના સમાગમે ભગવાન અને ભગવાનના પ્રગટ સ્વરૂપના યથાર્થ મહિમા સમજાય તો જીવની જીવનદૃષ્ટિ, વિશ્વદૃષ્ટિ બદલાય. દિવ્યતા, કેફ ને અલમસ્તાઈ સહજ વર્તે.

આ દીપોત્સવીએ જીવનદીપના આયખારૂપી કોડિયામાં મહિમારૂપી ઘી પૂરવાના કોડ કરીએ, રુચિ રાખી, ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરીએ. અક્ષરબ્રહ્મના પ્રાગટ્યમંગલની આ પૂર્ણિમાએ ભગવાનના ધારક સાધુના અખંડ સમાગમ કે તેમની આજ્ઞાના સતત અનુસંધાને ભગવાનના પ્રગટ સ્વરૂપ સાહેબદાદાના મહિમાની ભરતીને પોતાની કરી લઈએ.

આવો મહિમા તો સાધુ અને સાધકની જીવનદોરી સમાન છે. ભગવાનના પ્રગટસ્વરૂપ સાહેબદાદાની અંતરની પ્રસન્નતા પામવાની ધખણાનો પ્રેરણાસ્રોત છે. અને એ પ્રસન્નતા જ તો સમત્વની સિદ્ધિનું મૂળ છે.

જેમણે આવી પ્રસન્નતા પ્રાપ્ત કરી તેઓને નિત્ય નિત્ય દિવાળી; જેમણે પ્રભુના પ્રગટ સ્વરૂપના અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી, તેના ફળસ્વરૂપે સમત્વ પ્રાપ્ત કર્યું છે, તેમને તો નિત્ય નવું વર્ષ છે !

ચાલો ને, આ વર્ષે દીપોત્સવીનાં પર્વોનો આરંભ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યમંગલની પૂર્ણિમાએ કરીએ; જીવનના નવોન્મેષનો આરંભ સાધુસમાગમ દ્વારા સિંચિત પ્રભુના પ્રગટ સ્વરૂપના મહિમાથી કરીએ ! નિત્ય અખંડ આનંદ સમત્વ અને નિત નવા વર્ષને વધાવીએ. ◆

~ ડૉ. મનોજ સોની